## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




'ગુજરાત' અને 'મે' વચ્ચે જગ્યા ન છોડતો... નહી તો રાત્રે વિપક્ષવાળા આવીને વચ્ચે 'ને' લખી નાખશે...!!

# આ રહી સિવિલમાં દર્દીઓની વ્હીલચેર...



## દર્દીઓને બેસવા માટે ન મળતી વ્હીલચેરનો ઉપયોગ કચરો નાંખવા માટે થાય છે.

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર સિવિલ હોસ્પિટલની આ છે તસ્વીર.. હોસ્પિટલમાં સારવાર માટે આવતા અશકત અને આર્થોપેડીકના દર્દીઓને વ્હીલચેર નસીબ થતી નથી. ત્યારે વ્હીલચેરમાં કચરો નાંખવાની કામગીરી ચાલી રહી છે. ત્યારે સિવિલના સત્તાધિશો રોજ રાઉન્ડ મારે છે. ત્યારે દર્દીઓની પરેશાની તેઓને નજરે પડતી નથી. સિવિલમાં વ્હીલચેર માટે દર્દીઓના સગાઓને આમ થી તેમ ભટકવુ પડે છે. તેમ છતા વ્હીલચેર ન મળતા દર્દીઓને ઉંચકીને લઈ જતા પરિવારજનો નજરે પડે છે. સિવિલ કેમ્પસમાં નવી સુપર સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલ અને ટ્રોમા સેન્ટર બનવાની કામગીરી ચાલી રહી છે. હાલના સમયે રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. તાવ થી માંડીને ડાયાલિસીસ પણ હોસ્પિટલમાં થાય છે. સિવિલમાં તાત્કાલીક વિભાગ અને ઓપીડી વિભાગ ધમધમતો હોય છે. ઓપીડી માં દર્દીઓની લાંબી લાઈનો લાગી હોય છે. પરંતુ સિવિલમાં પાયાની સુવિધાનો પણ અભાવ છે. અશકત દર્દીઓ માટે વ્હીલચેર પણ હાજર સ્ટોકમાં ન હોવાથી દર્દીઓને ઉંચકીને લઈ જતા વ્યકિતઓ નજરે પડે છે. વ્હીલચેર ન મળતા તેઓની હાલત કફોડી બને છે.જયારે સિવિલના કોઈ રૂમમાં કેટલીક નવી વ્હીલચેર હાજર સ્ટોકમાં પણ પડી હશે. પણ કદાચ એ વ્હીલચેર વીવીઆઈપી માટે હોય તો નવાઈ નહી.. જેથી સિવિલના સતાધિશો નવી વ્હીલચેરનો ઉપયોગ દર્દીઓ માટે કરતા અચકાતા હશે. સિવિલ હોસ્પિટલમાં તાત્કાલીક સારવાર વિભાગ થી માંડીને ઓપીડી બિલ્ડીંગ તેમજ વોર્ડમાં પણ વ્હીલચેરની અછત જોવા મળી રહી છે. ત્યારે સિવિલ તંત્ર દ્વારા કચરો નાંખવા માટે વ્હીલચેરનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. પરંતુ વોર્ડમાંથી દુર સુધી આટલુ મોટું કચરો ભરેલુ ડ્રમ કેવી રીતે લઈ જવુ તે પ્રશ્ન પણ કર્મચારીઓને મુંજવી રહ્યો છે. ત્યારે સિવિલના સત્તાધિશો હોસ્પિટલમાં નિયત જગ્યાઓ કરી દર્દીઓ માટે વ્હીલચેર મુકવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

## ખૂણેખાંચરેથી

● આજે દેવ દિવાળીનો દિવસ હતો અને લોકોમાં હજુ ખરીદીનો માહોલ યથાવત્ જળવાઈ રહ્યો છે. લગ્નસરાની સિઝન શરૂ થઈ હોવાથી આ માહોલ જોવા મળ્યો હતો.

● ગાંધીનગર જિલ્લામાં આજે ગરમીનો પારો ૩૮ ડિગ્રી નોંધાયો છે.

● પેથાપુર નજીક આવેલ કૈલાસધામ વૃધ્ધાશ્રમમાં પૂનમ નિમિત્તે યજ્ઞનું આયોજન કરાયુ હતુ.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે ૫૦ થી પણ ઓછા લોકોને કોરોના પ્રિકોશન ડોઝ અંતર્ગત આવરી લેવાયા હતા. શહેરમાં ૩૯ તો ગ્રામ્યમાં માત્ર ૩ વ્યક્તીને આવરી લેવામાં આવ્યા હતા.

● દહેગામ વિધાનસભા બેઠક માટે આમ આદમી પાર્ટીએ ઉમેદવાર બદલવાની અફવાઓમાં એક સામાન્ય વેપારીનું નામ જાહેર થયાની વાતને લઈ આ વેપારી અને પરિવારના સભ્યો હેરાન-પરેશાન થઈ ગયા હતા.

● ગાંધીનગરમાં મતદારયાદીમાં છેલ્લી ઘડીએ નામ દાખલ કરાવવા માટે ગાંધીનગર (દ)માં ધસારો જોવા મળી રહ્યો છે જો કે ગાંધીનગર (ઉ)માં મધ્યમ પ્રતિસાદ છે.

● ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે સતત ચોથા દિવસે કોરોનાનો એકેય કેસ નોંધાયો નથી.

● ગાંધીનગર શહેરમાં સીટી બસોને ગ્રામ્ય વિસ્તાર જે ભેળવવામાં આવ્યો છે તેને લયબદ્ધ થાય તેવી માંગ પ્રબળ બની રહી છે.

● ગાંધીનગર મનપાની દ. ઝોનની કચેરી ક્યાં બેસશે તે વાત હજુ અટકેલી પડી હોવાથી આ વિસ્તારના રહીશોમાં રોષની લાગણી જન્મી છે.

● મેડીકલ અને પેરા મેડીકલ વિદ્યાશાખાઓની પ્રવેશ પ્રક્રિયા અટવાતાં વિદ્યાર્થીઓ લાચાર બન્યાનો આક્ષેપ કોંગી અગ્રણી મનીષ દોશીએ કર્યો છે.

● ગાંધીનગર રેલવે સ્ટેશન પર ટ્રેનોની ફિકવન્સી વધી પણ સીટી બસ હજુ પહોંચી નથી તેને લઈ પણ નગરજનો નિરાશ જોવા મળી રહ્યા છે.

## ગિયોડ સ્થિત મીની શક્તિપીઠ અંબાજી મંદિરે અન્નકૂટ દર્શનનું આયોજન કરાયું



ચિલોડા, તા. ૮

ગાંધીનગર જિલ્લાના ચિલોડા-હિંમતનગર હાઈવે-૮ પર આવેલું શ્રદ્ધાના પ્રતિકસમા ગિયોડ સ્થિત મીની શક્તિપીઠ અંબાજી મંદિરે દેવ દિવાળીના એટલે ચંદ્રગ્રહણ મંગળવારના રોજ થવાનું હોવાથી તા. ૭મી નવેમ્બરના રોજ સોમવારે અંબાજી માતાજીના મંદિરે અન્નકૂટ ધરવામાં આવ્યો હતો. ત્યારબાદ અન્નકૂટમાં વિવિધ ફળફળાદિ અને મિઠાઈની વિવિધ વાનગીઓનો અન્નકૂટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અન્નકૂટના ભાવિકભક્તજનો ઉત્સાહભેર દર્શન કરી લાભ લીધો હતો.

## અમદાવાદના તમામ ગુરૂદ્વારામાં ગુરૂનાનક જયંતિની ઉજવણી થઈ

ગાંધીનગર, તા. ૮

ગુરૂનાનક સાહેબની જન્મ જયંતિ નિમિત્તે અમદાવાદના તમામ ગુરૂદ્વારામાં સવારે ૪ વાગ્યાથી કિર્તન સમાગમ અને સમગ્ર સંગત દ્વારા માથુ ટેકવીને ગુરૂના શુભાશિષ પ્રાપ્ત કર્યા હતા. સાથે તમામ ગુરૂદ્વારામાં લંગરની વ્યવસ્થા કરવામાં આવી હતી.

મોટી સંખ્યામાં ભક્તો દ્વારા પ્રસાદ ગ્રહણ કરવામાં આવ્યો હતો. આ દિવસે સમગ્ર ગુરૂદ્વારોને ફૂલોથી શણગારવામાં આવ્યા હતા. 'શીખ ફાઉન્ડેશન' ગુજરાતના પ્રસીડેન્ટ પરમજીત કૌર છાબડાએ સમગ્ર ગુજરાતવાસીઓને શુભેચ્છા પાઠવી હતી.

અને ગુરૂનાનક સાહેબના સંદેશામાં મનુષ્ય જાતિ એક જ છે તે સર્વોપરી છે તે સંદેશા પર આપણે ચાલીને આપણા જીવનને સફળ કરીએ તેમ જણાવ્યુ હતુ. 'શીખ ફાઉન્ડેશન' ગુજરાત દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં અંદાજે ૫૦૦ થી ૮૦૦ બોટલ રક્ત એકત્રિત થવાની સંભાવના રહી હતી.

## મહિલા પોલીસ મથકે મહિલા અરજદારો સાથે આરોપી જેવું વર્તન કરતા હોવાની રાવ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરના સેકટર-૧૬ માં મહિલા પોલીસ મથક આવેલું છે. જયા મહિલાઓ ઘરેલુ હિંસા સહિતની ફરીયાદો નોંધાવતી હોય છે. પરંતુ કેટલાક કિસ્સામાં મહિલા પોલીસ મથકના સ્ટાફ દ્વારા ખુદ મહિલા અરજદાર સાથે આરોપી જેવુ વર્તન કરવામાં આવતુ હોવાની વ્યાપક ફરીયાદો ઉઠવા પામી છે. જેથી મહિલા પોલીસ મથકે ફરીયાદ કરવા જતા મહિલાઓ પણ ખચકાટ અનુભવતા હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

મળતી વિગત મુજબ ગાંધીનગરના સેકટર-૧૬ ખાતે મહિલા પોલીસ સ્ટેશન આવેલું છે. શહેરની મહિલાઓને ઘરેલુ હિંસા, શારીરીક-માનસિક ત્રાસ, દહેજ તેમજ મ્હેણા-ટોણા મારી ત્રાસ આપતા સાસરીયાઓ સામે ફરીયાદ નોંધાવવા માટે મહિલા પોલીસ મથક કાર્યરત છે. ત્યારે મહિલા પોલીસ મથકમાં મહિલા અરજદારોને કોઈ તકલીફ ન પડે તે માટે સ્ટાફમાં પણ મહિલા પોલીસ કર્મચારીઓ જ ફરજ બજાવે છે. શહેરની મોટાભાગની મહિલાઓ મહિલા પોલીસ મથકે જ અરજી કે ફરીયાદ નોંધાવે છે. જેથી મહિલા અરજદારોને ન્યાય મળતો હતો. કેટલાક કિસ્સામાં સમાધાન પણ થઈ જતા હતા. જેથી મહિલાઓ પોતાની ફરીયાદ મહિલા પોલીસ મથકે જ નોંધાવતી હતી. પરંતુ હાલની સ્થિતિમાં કેટલાક કર્મચારીઓ દ્વારા અરજદારો સાથે આરોપી જેવું વર્તન કરતા મહિલાઓ ફરીયાદ આપવા જતા પણ ખચકાટ અનુભવે છે. તાજેતરમાં ગાંધીનગરની મહિલા અરજદારને મહિલા પોલીસ કર્મચારીનો કડવો અનુભવ થયો છે. શહેરમાં રહેતી એક પરિણિતાને પતિ તેમજ પરિવારના સભ્યો ત્રાસ આપતા હોવાથી મહિલા પોલીસ મથકે અરજી આપી હતી. ત્યારે પતિ અને પરિવારના સભ્યોને ખખડાવવાની જગ્યાએ કર્મચારી દ્વારા મહિલાને જ ખખડાવી નાંખતા મહિલા ડઘાઈ ગઈ છે. ત્યારે મહિલા પોલીસ મથકમાં ફરજ બજાવતા મહિલા કર્મચારીઓ જ મહિલા અરજદારો સાથે આ પ્રકારનું વર્તન કરે તે કેટલે અંશે યોગ્ય ગણાય.

# વડોદરા ગામે કૌટુંબીક ભાઈઓ વચ્ચે મારામારી : એક ને ઈજા

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરના વડોદરા ગામના વાળીયા વાસ ખાતે રહેતા કૌટુંબીક ભાઈઓ વચ્ચે મારામારી થઈ હતી. અમને પુછ્યા વિના ગેસ લાઈન કેમ નાંખો છો તેમ કહી કૌટુબીક ભાઈઓ એક યુવક પર તુટી પડતા ઈજા પહોંચી હતી. જયારે ગંભીર રીતે ઈજા પામેલા વ્યકિતને ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડાયા હતા. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના વડોદરા વાડીયા વાસ ખાતે રતનસિંહ દલપતસિંહ રાઠોડ પરિવાર સાથે રહે છે અને ગાંધીનગર ખાતે ખાનગી નોકરી કરી પરિવારનુ ગુજરાન ચલાવે છે. ત્યારે ગત રોજ સાંજના સમયે રતનસિંહ દલપતસિંહ રાઠોડ અને તેમનો ભાઈ હિંમતસિંહ અને પરિવારના સભ્યો ઘરે હાજર હતા. તે સમયે હિંમતસિંહના ઘરે ગેસ પાઈપ લાઈન નાંખવાનું કામ ચાલી રહ્યું હતું. તે સમયે કૌટુબીક ભાઈ ગફુરજી ભીખાજી રાઠોડ ઘર પાસે આવ્યા હતા. ત્યાં કામ કરી રહેલા મજુરોને રોડની સાઈડમાં ખોદકામ કરવા માટે કહ્યું હતું. જેથી હિમતસિંહે રોડની સાઈડમાં જ કામ કરી રહ્યા હોવાનું જણાવ્યું હતું. જેથી ગફુરજી ઉશ્કેરાઈ જઈને ગાળાગાળી કરવા લાગ્યા હતા. જેથી ગાળો બોલવાની ના પાડતા તે બાઈક લઈ જતા રહ્યા હતા. ત્યારબાદ થોડીવાર પછી ગફુરજી રાઠોડ, વનરાજસિંહ રાઠોડ, બળવંતસિંહ રાઠોડ, તેમજ કાળાજી રાઠોડ આવી પહોંચ્યા હતા અને અમને પુછ્યા વિના કેમ ગેસ લાઈન નાંખો છો, તેમ કહી ઉશ્કેરાઈ ગયા હતા.જયારે જેસીબી મશીન થી લાઈન તોડી નાંખવાની પણ ધમકી આપતા હતા. જેથી રતનસિંહે તેવુ નહી કરવા માટે કહેતા જ વનરાજસિંહે હાથમાં રહેલી કોદાડી મારવા માટે ઉગામી હતી. પરંતુ રતનસિંહ ખસી જતા જમણા કાનની ઉપરના ભાગે વાગી હતી. લોહી નીકળતા હોહા કરતા આસપાસના નાગરીકો એકઠા થઈ ગયા હતા. તે સમયે બળવંતસિંહે તેમના હાથમાં રહેલી લાકડી રતનસિંહને મોઢાના ભાગે મારી હતી. ઈજાગ્રસ્તને પહેલા દહેગામ અને ત્યારપછી ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા. ત્યારબાદ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા વધુ તપાસ હાથ ધરી છે.

## રાજ્યમાં સીપીઆઈ(એમ) ૨૦ બેઠકો પર ચૂંટણી લડવા સજ્જ

ગાંધીનગર, તા. ૮

આગામી ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓમાં સીપીઆઈ(એમ) ગુજરાત તરફથી ૨૦ જેટલી બેઠકો પર ચૂંટણીઓ લડવાની તૈયારીઓ થઈ રહી છે.

ગુજરાત રાજ્યમાં પક્ષની જેટલા જીલ્લાઓમાં પ્રવૃત્તિઓ ચાલી રહી છે તે જીલ્લાઓ અને આ ઉપરાંત અન્ય જીલ્લાઓમાં પણ પક્ષ ચૂંટણીઓ લડશે. હાલમાં પ્રવર્તમાન મોંઘવારી, બેરોજગારી, પેપર ફુટવાની ઘટનાઓ, આમ જનતાના અને ખાસ કરીને સામાન્ય અને મધ્યમ વર્ગના લોકોના પાયાના પ્રશ્નો જેવા કે શિક્ષણ, આરોગ્ય અને સામાજિક ન્યાય વગેરે માટે શાસક પક્ષની ઘોર ઉદાસનિતા, કાયમી, હંગામી, કોન્ટ્રાક્ટ, પ્રોજેક્ટ કર્મચારીઓ, શિક્ષકો તથા સરકારી/બિન સરકારી એવા તમામ સ્તરના કર્મચારીઓ, ખેડૂતો, ખેતમજૂરો, નાના વેપારીઓ દુકાનદારો, નાના ઉદ્યોગ સાહસિકો, વિદ્યાર્થીઓ અને મહિલાઓના વિવિધ પ્રશ્નોના મુદ્દાઓ પર શાસનની નિષ્ફળતાના મુદ્દાઓને જનતા સમક્ષ લઈ જઈને પક્ષ ચૂંટણીઓ લડશે. આ અંગે વિવિધ જિલ્લાઓમાં ચર્ચા ઉંડાણપૂર્વકની વિચારણા થઈ ગઈ છે.

## રાહેલબા વૃધ્ધાશ્રમ મગોડી ખાતે અન્નદાન દ્વારા ઉજવણી કરાઈ




ચિલોડા, તા. ૮

અમદાવાદ શ્રી રાધે ચેરીટેબલ ટ્રસ્ટ (બાપુનગર અમદાવાદ) સેવાભાવી સંસ્થા અનેક લોકસેવા પ્રવૃત્તિ સાથે સંકળાયેલી છે. જ્યારે મગોડી સ્થિત રાહેલબા વૃધ્ધાશ્રમની સૌજન્ય મુલાકાત લઈ સંસ્થાના અશક્ત, નિરાધાર વૃદ્ધ લાભાર્થી સાથે શુખદ મુલાકાતથી ઓતપ્રોત થઈ આનંદિત બની ખબરઅંતર પુછપરછ કરી વિશેષ અન્નદાન કરી સુંદર મનોરંજન પુરૂ પાડ્યું હતું. સંસ્થાના અધ્યક્ષ હરિશ અગ્રવાલ, મંત્રી નીરૂબેન રાઠોડે સેવાનું સુંદર ઉદાહરણ પુરૂ પાડ્યું હતું. સંસ્થા દ્વારા નિર્મળાબેન અને યશવંતસિંહ ઝાલાએ તેમનું હાર્દિક સ્વાગત આભાર વ્યક્ત કર્યો હતો.

## છાલામાં ભેસોના તબેલામાં લાગી ભીષણ આગ ત્રણ ભેસો દાઝી

### શોટ સર્કિટ થી લાગેલ આગ માં ઘાસચારો ભષ્મીભૂત





ચિલોડા, તા. ૮

ગાધીનગર તાલુકાના છાલા ગામમાં આવેલ પશુઓ ના તબેલામાં અચાનક વીજ શોટ સર્કિટ થી આગ લાગતાં પશુ પાલક ની ત્રણ ભેસો ગંભીર રીતે દાઝી જતાં તેમની સારવાર હાથ ધરવામાં આવી છે આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર છાલા દશેલા રોડ પર આવેલ પશુપાલક ચૌધરી સેધાભાઈ કેશાભાઈ ના પશુઓ ના તબેલામાં વીજળીના વાયર માં શોટ સર્કિટ થી તણખલા ઝરતાં ગતરાત્રીના ભીષણ આગ લાગી હતી તબેલામાં રાખેલ ઘાસચારા માં આગ ફેલાઈ જતાં આગે વિકરાળ રૂપ ધારણ કરી લેતાં આગ માં તબેલામાં બાધેલ ત્રણ ભેસો ઝપટ માં આવી ગઈ હતી આગ લાગવા ની જાણ થતાં આજુબાજુ ના લોકો દોડી આવ્યા હતા અને પશુઓ ને છોડી મુકયા હતા પરંતુ ત્રણ ભેસો ગંભીર રીતે દાઝી જતાં સારવાર હાથ ધરવામાં આવેલ છે તો બીજી તરફ આગ ના કારણે ઘાસચારો બળી જતાં પશુપાલક ને મોટું આર્થિક નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે અને સરકાર પાસે આર્થિક સહાય ની માંગ કરી છે આગ ની વિકરાળ રૂપ જોતાં ફાયર બ્રિગેડ ને જાણ કરવામાં આવી હતી અને ફાયર ફાયટરો એ મોટી જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો

# ચિલોડા ગામે ભવ્ય તુલસી વિવાહ ધામધૂમથી યોજાયો



ચિલોડા, તા. ૮

ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતે ચકુમાસી ઉર્ફે વસંતીદે રેખાદેના નિવાસસ્થાને અને તેમના સાનિધ્યમાં તુલસીવિવાહનો ખૂબ ભક્તિભાવપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક પર્વ નિમિત્તે ગણેશ સ્થાપના, માંડવા મુહૂર્ત ગૃહશાંતિ, ગોત્રીજો, ભગવાનનો ભવ્ય વરઘોડો, સામૈયુ અને શાસ્ત્રોકિત વાજતે-ગાજતે ભગવાન લાલજીનો ભવ્ય ડી.જે.ના તાલે રાસ-ગરબાની રમઝટ બોલાવી હતી. આ ધાર્મિક પ્રસંગે ભગવાન લાલજીના માતા-પિતા તરીકે રંજનબેન અને સંજયભાઈ પટેલ તથા મામા-મામી તરીકે સુનિલકુમાર રાવલ અને તેમના ધર્મપત્ની જ્યારે તુલસીમાતાના માતા-પિતા તરીકે ભરતસિંહ ઠાકોર (ડભોડા) અને તેમની ધર્મપત્નીએ વિશેષ સ્થાન શોભાવ્યુ હતું. બપોરે ૧.૩૦ વાગે લગ્નવિધિમાં શાસ્ત્રીજી રાજુભાઈ રાવલ, કનુભાઈ રાવલ તથા મંદિરના પૂજારી મહેન્દ્રભાઈ રાવલે ખૂબ શાસ્ત્રોક્ત લગ્નવિધિ લગ્નો ગીતો અને મંત્રોચ્ચાર સાથે સંપૂર્ણ લગ્નોત્સવનું ખૂબ સુંદર આયોજન કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે ગામની ભજનમંડળ મહિલાઓ તથા બંને પક્ષના ભાવિક ભક્તજનોએ હસ્તમેળાપના વિધિમાં દર્શનનો લાભ લીધો હતો. તુલસીના મામા-મામી તરીકે પ્રહલાદભાઈ વાસણવાળા અને તેમની ધર્મપત્નીએ તુલસીનું મામેરૂ ભરી ધાર્મિક લાભ લીધો હતો. ચકુમાસીના સાનિધ્યમાં યોજાયેલ ભવ્ય તુલસીવિવાહમાં સમગ્ર કાર્યક્રમમાં ૧૫ જેટલી માસીઓએ ઉત્સાહપૂર્વક ભેટ-સોગાદો અર્પણ કરી દાનનો પ્રવાહ વહેડાવ્યો હતો. તે ગૌરવપૂર્ણ બાબત ગણી શકાય. આ પ્રસંગે ભોજન વ્યવસ્થામાં મોટી સંખ્યામાં પ્રસાદનો લાભ લીધો.

## ચિલોડા ખાતે ભાજપ યુવા મોરચાની બાઈક રેલી અંગે બેઠક



ચિલોડા, તા. ૮

ચિલોડા મોટા ખાતે ભારતીય જનતા યુવા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ તેજસ્વી સૂર્યજી ચિલોડા તા. ૯મી નવેમ્બર-૨૦૨૨ના બપોરે ૨ વાગે ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના યુવા મોરચાની ટીમ સાથે બેઠક યોજી સંગઠનાત્મક માર્ગદર્શન અપાયુ જેમાં જિલ્લા અધ્યક્ષ વિજેન્દ્રસિંહ વાઘેલા, પ્રભારી જયદીપભાઈ પારેખ, મહામંત્રી ભુલાભાઈ દેસાઈ અને જયમીનભાઈ પટેલ સહિત જિલ્લાની ટીમ ઉપસ્થિત રહી હતી.